# જોનસન & જોનસનની સિંગલ ડોઝ વેક્સિનને દેશમાં મંજૂરી

નવી દિલ્હી, તા.૭
અમેરિકન કંપની જોનસન




એન્ડ જોનસનની સિંગલ ડોઝ રસીને ભારતમાં મંજૂરી મળી ગઈ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ ટ્વિટ કરીને જાહેરાત કરી છે. આ દેશમાં ઉપલબ્ધ ચોથી કોરોનાની રસી હશે. સીરમ ઈન્સ્ટિટ્યુટની કોવિશીલ્ડ, ભારત બાયોટેકની કોવેક્સિન, ડો. રેડ્ડીઝની સ્પુતનિક વી પહેલાથી ઉપલબ્ધ છે. સિપ્લાને પણ મોરડર્નાની રસી ઈમ્પોર્ટ કરવાની મંજૂરી મળી ગઈ છે.

જોનસન એન્ડ જોનસન કંપની આ રસીનું ઉત્પાદન કઈ રીતે કરશે તે બાબતે વધારે જાણકારી આપવામાં નથી આવી. પરંતુ કંપનીએ ચોક્કસપણે કહ્યું છે કે તેના ગ્લોબલ સપ્લાયમાં બાયોલોજિકલ ઈની મહત્વની ભૂમિકા હશે. આ રસી કોવિડ-૧૯ માટે જવાબદાર સાર્સ-કોવ-૨ વાયરસના જીનેટિક મટિરિયલનો ઉપયોગ કરીને બનાવવામાં આવી છે. તેને એડીર૬.કોવ૨.એસ કહેવામાં આવે છે. વાયરસના જીનેટિક કોડનો પ્રયોગ સ્પાઈક પ્રોટીન બનાવવા માટે કરવામાં આવે છે. બીજી પણ ઘણી રસી આ પદ્ધતિથી સુરક્ષા પૂરી પાડે છે. એકવાર શરીરમાં આ રસી પહોંચી જાય તો બીમારી વિરુદ્ધ એન્ટીબોડી તૈયાર કરવાની પ્રક્રિયા શરુ કરે છે.

**કોરોના સામેની લડતમાં ભારતનું વધુ એક પગલું : દેશમાં કોરોનાની ચોથી રસી, જોનસન એન્ડ જોનસનની રસી નોન-રેપ્લિકેટિંગ વાયરલ વેક્ટર વેક્સિન છે**

જોનસન એન્ડ જોનસનની રસી નોન-રેપ્લિકેટિંગ વાયરલ વેક્ટર વેક્સિન છે. જેનો અર્થ છે કે રસીની અંદરનું જીનેટિક મટીરિયલ શરીરની અંદર પોતાની કૉપી તૈયાર નહીં કરે. આ ઘણું જરુરી છે કારણકે જ્યારે વાયરસનો શરીરમાં પ્રવેશ થાય છે તે પોતાની કૉપી બનાવવાનું શરુ કરે છે અને પછી સંક્રમણ ફેલાય છે. આ રસીને ૨થી ૮ ડિગ્રી તાપમાનમાં સ્ટોર કરી શકાય છે. ખોલી કાઢવામાં આવેલા વાયલ્સ ૯ ડિગ્રીથી ૨૫ ડિગ્રી તાપમાન દરમિયાન ૧૨ કલાક સુધી રાખી શકાય છે. જોનસન એન્ડ જોનસને પોતાની એપ્લિકેશનમાં ફેઝ ૩ ક્લિનિકલ ટ્રાયલના ડેટાનો રિપોર્ટ આપ્યો હતો. આ રિપોર્ટ અનુસાર, સિંગલ ડોઝ વાળી રસી તમામ ક્ષેત્રોમાં થયેલા અભ્યાસમાં ગંભીર બીમારીને રોકવામાં ૮૫ ટકા સુધી સક્ષમ હતી.

# ડેલ્ટા વેરિયન્ટને પગલે કેસનો રાફડો ફાટી શકે છે

**ડેલ્ટા વેરિયન્ટના ફેલવા સાથે આર વેલ્યુમાં વધારો થયો, ડેલ્ટા વેરિયન્ટની આર વેલ્યુ અછબડા અને ઓરી કરતાં વધારે છે**

નવી દિલ્હી,તા.૭

કોરોનાના ડેલ્ટા વેરિયન્ટને તેના તમામ પહેલાના વેરિયન્ટ કરતા વધારે સંક્રમણકારી માનવામાં આવે છે. કહેવાય છે કે આ વાયરસ અછબડા અને ઓરીના વાયરસ કરતા પણ વધુ ચેપગ્રસ્ત છે. આ કારણે જ ભારતની આર-નોટ વેલ્યુ ૧ કરતા વધી છે. જે એક મહિના પહેલા ૦.૯૩ જેટલી હતી. આર-નોટ એટલે કે રોગીના સંપર્કમાં આવવાથી કેટલા લોકો સંક્રમિત થાય છે તેની સરેરાશનો આંકડો. આર-નોટના માધ્યમથી નિષ્ણાંતો એ જાણી શકે છે કે વર્તમાનમાં કેસ ખૂબ ઝડપથી વધી રહ્યા છે કે ઘટી રહ્યા છે. ત્યારે ભારતમાં કોરોનાના ડેલ્ટા વેરિયન્ટનું રિપ્રોડક્શન ફેક્ટર ૧.૦૧ થી ગયું છે. જેનો સીધો અર્થ એ છે કે આ સંક્રમણ જેમને પણ થયું તે વ્યક્તિના સંપર્કમાં આવનારા એકથી વધુ લોકોને તેનો ચેપ લાગે છે. તેમ વેલ્લોરના સીનિયર વાયરોલોજિસ્ટ ડો. ટી જેકોબ જહોને કહ્યું હતું.

આને આ રીતે સમજીએ કે જ્યારે ગત માર્ચ મહિનામાં કોરોનાની બીજી લહેર શરું થઈ અને અચાનક જ સમગ્ર દેશમાં કેસ વધવા લાગ્યા ત્યારે આર વેલ્યુ વધીને ૧.૪ જેટલી થઈ ગઈ હતી પરંતુ જ્યારે મે મહિનામાં કેસ ઘટવા લાગ્યા ત્યારે આ નંબર ૦.૭ જેટલો ઘટી ગયો હતો.

ત્યારે દેશમાં સતત વધતી આર વેલ્યુ એક ચિંતાનું કારણ છે જોકે નિષ્ણાંતો કહે છે કે તેઓ હાલ રાજ્યો અને જિલ્લાને રેડ ઝોનમાં નથી મૂકી રહ્યા. નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ એપિડેમિયોલોજીના ડિરેક્ટર ડો મનોજ મુર્હેકરે જણાવ્યું હતું કે, સંક્રમણનો વૃદ્ધિ દર, મૃત્યુની વધતી સંખ્યા અને હોસ્પિટલનો ઓક્યુપેન્સી રેટ સહિત મહામારીના પરિબળોનું સંયોજન જોખમ અંગે માહિતી આપે છે. હાલ ઓછામાં ઓછા ૧૦ રાજ્યોની આર-વેલ્યુ દેશની સરેરાશ ૧.૦૧ કરતા વધારે છે, અને દિલ્હી અને મહારાષ્ટ્ર બંને પણ રાષ્ટ્રીય સરેરાશ ૧.૦૧ની નજીક પહોંચી ગયા છે.

# બજરંગ પુનિયાએ કઝાખસ્તાનના ખેલાડીને હરાવીને બ્રોન્ઝ જીત્યો

**ટોક્યો ઓલિમ્પિકમાં ભારતે વધુ એક મેડલ મેળવ્યો : ભારતને રેસલિંગમાં રવિ કુમાર દહિયા બાદ બજરંગ પુનિયાએ મેડલ અપાવ્યો**

ટોક્યો, તા.૭
ટોક્યો ઓલિમ્પિકથી સારા સમાચાર આવ્યા



છે. ભારતની મેડલ ટેલીમાં વધુ એક મેડલનો વધારો થયો છે. ભારતીય રેસલર બજરંગ પૂનિયાએ કઝાખસ્તાનના દૌલત નિયાઝબેકોવને ને ૮-૦ થી હરાવી બ્રોન્ઝ મેડલ કબજે કર્યો છે. આ સાથે ઓલિમ્પિકમાં ભારતને આ છઠ્ઠો મેડલ મળ્યો છે. રેસલિંગમાં રવિ કુમાર દહિયા બાદ બજરંગ પૂનિયાએ દેશને વધુ એક મેડલ અપાવ્યો છે.

બજરંગ પૂનિયાના બ્રોન્ઝ મેડલ સાથે ભારતે પણ ઓલિમ્પિક્સમાં પોતાના સર્વશ્રેષ્ઠ પ્રદર્શનની બરાબરી કરી લીધી છે. ભારતે બીજી વખત ઓલિમ્પિક્સમાં છ મેડલ જીત્યા છે. ટોક્યો પહેલા ૨૦૧૨ લંડન ઓલિમ્પિક્સમાં પણ ભારતે છ મેડલ જીત્યા હતા. ટોક્યોમાં ભારતે અત્યાર સુધી બે સિલ્વર અને ચાર બ્રોન્ઝ મેડલ જીત્યા છે. જ્યારે લંડન ગેમ્સમાં પણ ભારતે બે સિલ્વર અને ચાર બ્રોન્ઝ મેડલ જીત્યા હતા.

બજરંગ પૂનિયાએ શરૂઆતમાં જ સરસાઈ મેળવી લીધી હતી. તેણે ૨-૦ની સરસાઈ મેળવી હતી અને ત્યારબાદ આક્રમક પ્રદર્શન કરીને સરસાઈ ૪-૦ કરી દીધી હતી. હજી કઝાકિસ્તાનનો રેસલર કંઈ દાવપેચ અજમાવે તે પહેલા જ બજરંગ પૂનિયાએ સરસાઈ ૬-૦ કરી દીધી હતી. અંતે બજરંગે ૮-૦થી મુકાબલો જીતવાની સાથે બ્રોન્ઝ મેડલ પણ જીતી લીધો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ બ્રોન્ઝ મેડલ જીતવા બદલ બજરંગ પૂનિયાની પ્રશંસા કરી છે અને તેને અભિનંદન પાઠવ્યા છે. તેમણે ટ્વિટ કરીને કહ્યું હતું કે, ટોક્યોમાંથી આનંદદાયક સમાચાર આવ્યા. બજરંગ પૂનિયાએ શાનદાર પ્રદર્શન કર્યું. તમારી સિદ્ધિ માટે અભિનંદન.

# ગુજરાતમાં વરસી બહુવિધ વિકાસ કાર્યોની હેલી

**સરકારે સાડા છ કરોડ ગુજરાતીઓને શાંતિ, સલામતી અને સુરક્ષા આપી, ચૌમુખી વિકાસનો રાહ ચીંધ્યો છે : અમિતભાઈ શાહ ● દેશમાં વિકાસ રોલ મોડેલ ગુજરાતની વિકાસ સ્પર્ધા હવે વિશ્વ સાથે છે : મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી**





- પાંચ વર્ષ આપણી સરકારના સૌના સાથ સૌના વિકાસના અન્વયે જનસેવા કાર્યોનું યજ્ઞ અનુષ્ઠાન
- રૂ.૨૫૫ કરોડના ખર્ચે ૧૫૧ બસ, પાંચ બસ સ્ટેશન અને એક વિભાગીય કચેરીનું લોકાર્પણ
- ''વતન પ્રેમ યોજના''ના વેબપોર્ટલનું લોકાર્પણ કરાયું
- વિકાસ દિવસે એક જ દિવસમાં મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતેથી રૂ. ૫૩૦૦ કરોડના જનહિત કામોની ભેટ જનતા જનાર્દનને ચરણે ધરતી મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી-નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વની રાજ્ય સરકાર
- કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીની હસ્તે વર્ચ્યુઅલ માધ્યમથી ૨૭૪ વિકાસ કામોના લોકાર્પણ ૭૮ કામોના ખાતમૂર્હત સંપન્ન થયા

ગાંધીનગર, તા. ૭

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહે જણાવ્યુ હતુ કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે વિકાસ માટેનાં જે બીજ તેમણે રોપ્યાં હતાં તેને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલનાં નેતૃત્વ હેઠળની ટીમ ગુજરાતે વડાપ્રધાનના પદચિહ્નો પર ચાલીને ગુજરાતની જનતાને સુરક્ષા, સલામતી અને શ્રેષ્ઠ સુવિધા પૂરી પાડી છે. એટલુ જ નહિ, રાજ્યના સર્વ સમાવેશક વિકાસ માટે તથા રોજગારના સર્જન માટે વિદેશી મૂડીરોકાણ લાવીને ગુજરાતને ચાલકબળ પૂરું પાડ્યું છે અને ચૌમુખી પ્રગતિ સાધી સર્વાંગી વિકાસ કર્યો છે, જે દેશને નવો રાહ ચીંધશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આજે મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે યોજાયેલા 'વિકાસ દિવસ' સંલગ્ન કાર્યક્રમમાં વર્ચ્યુઅલ ઉપસ્થિત રહીને રાજ્યના વિકાસકામોનું ઈ-લોકાર્પણ અને ઈ-ભૂમિપૂજન-ખાતમુહૂર્ત કરતા અમિતભાઈ શાહે જણાવ્યું કે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં પોતાના મુખ્યમંત્રીકાળ સમયે શરૂ કરેલી વિકાસયાત્રા અને જનકલ્યાણની પરંપરાને આગળ વધારવા બદલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું કે નરેન્દ્રભાઈ પછી આનંદીબેન પટેલ અને ત્યાર બાદ વિજયભાઈ અને નીતિનભાઈની ટીમના પ્રયત્નો થકી જ ગુજરાત આજે દરેક ક્ષેત્રમાં અગ્રેસર છે.

શાહે જણાવ્યું કે આજે થનારાં કુલ રૂ. ૫૩૦૦ કરોડનાં વિકાસકામોમાં રૂ. ૩૩૨૨ કરોડનાં કામોનું લોકાર્પણ થઈ રહ્યું છે, જેમાં અનેક બ્રિજ, રસ્તાનાં કામો, આવાસો, વીજળી અને પાણીની યોજનાઓનાં કામ સામેલ છે. જેનો મતલબ એ થાય કે આ તમામ કામોનું નિર્માણ સંપૂર્ણપણે કોરોનાકાળમાં થયાં છે. જ્યારે સમગ્ર વિશ્વમાં વિકાસનાં પૈડાં થંભી ગયાં હતાં, ત્યારે પણ દેશમાં-ગુજરાતમાં વિકાસ કામગીરી ચાલુ રહી હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને નેતૃત્વમાં એક તરફ દેશે કોરોના સામે વિજય મેળવ્યો, તો બીજી તરફ વિકાસને પણ અટકવા નથી દીધો. આ જ કડીમાં આજે કુલ રૂ.૧૯૬૧ કરોડનાં ભૂમિપૂજન અને ખાતમુહૂર્તનાં કામો પણ થઈ રહ્યાં છે.

ગાંધીનગર-અમદાવાદને જોડતા બે ઓવરબ્રિજ અને પાણીની પાઈપલાઈન સહિતના લોકાર્પણનો ઉલ્લેખ કરતાં શાહે આ તમામ કામોમાંથી રૂ. ૬૩૦ કરોડના લોકાર્પણ અને રૂ. ૨૪૧ કરોડનાં ભૂમિપૂજન-લોકાર્પણનાં કામો મળી કુલ રૂ. ૯૦૦ કરોડથી વધુનાં કામો તેમના ગાંધીનગર લોકસભા મતક્ષેત્રના હોવા અંગે વિશેષ આનંદની લાગણી વ્યક્ત કરી હતી. આ સાથે જ અમદાવાદ-ગાંધીનગરને જોડતાં રસ્તાના વિસ્તૃતીકરણ સાથે કુલ પાંચ નવા ઓવરબ્રિજનું કામ પૂર્ણ થયું છે.

## જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૨૫૦ લાભાર્થીઓને ચાવી આપીને ગૃહ પ્રવેશ કરાવાયો

ગાંધીનગર, તા. ૭

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી સરકારને આજે પાંચ વર્ષ પૂર્ણ થયા છે. જે અંતર્ગત સમગ્ર રાજયમાં જનસેવા કાર્યોના સેવાયજ્ઞનો એક સપ્તાહથી ચાલી રહ્યો છે. રાજય સરકાર દ્વારા આજના તા. ૭મી ઓગસ્ટને વિકાસ દિવસ તરીકે ઉજવવામાં આવ્યો છે.

આજે ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતેથી સમગ્ર રાજયના વિવિધ વિભાગના રૂપિયા ૫૩૦૦ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ, કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિનભાઈ ગડકરી વર્ચ્યુઅલ માધ્યમથી આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. તેમજ રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ સહિત આમંત્રિત મહાનુભાવો મહાત્મા મંદિર ખાતે ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ગાંધીનગર જિલ્લા કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્ચ અને જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમના હસ્તે પ્રતીકાત્મક રૂપે પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)ના બે લાભાર્થીઓને મકાનની ચાવી અર્પણ કરવામાં આવી હતી.

## ગણપત યુનિવર્સિટીનો કેરિયર કાઉન્સેલિંગ સેમિનાર આજે ગાંધીનગરમાં

ગણપત વિદ્યાનગર, તા. ૭

ગુજરાત રાજ્યની પહેલી પાંચ શ્રેષ્ઠ પ્રાઈવેટ યુનિવર્સિટીઓમાં પોતાનું સ્થાન અંકિત કરનાર હાઈટેક ગણપત યુનિવર્સિટીના ઉચ્ચકક્ષાના અધિકારીઓ,- ડિન્સ, પ્રિન્સિપાલ્સ અને અન્ય વિવિધ જ્ઞાન-શાખાઓના નિપુણ અધ્યાપકોને રૂબરૂ મળીને યુનિવર્સિટીના ૧૦૦થીયે વધુ અભ્યાસક્રમો વિષે મહત્વના જ્ઞાન-માહિતી-માર્ગદર્શન મેળવવા માટે ગણપત યુનિવર્સિટીએ ગાંધીનગરના વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે ખાસ વ્યવસ્થા ગોઠવી છે.

આજે રવિવાર, તા. ૮-૮-૨૦૨૧ના રોજ સવારે ૧૦વાગ્યાથી બપોરના બે વાગ્યા સુધી આ સેમિનાર ગાંધીનગરની પ્રતિષ્ઠિત હોટેલ એવી હોટલ ફોર્ચ્યુન ઈન હવેલી (પ્લોટ નં. ૨૩૫, સેક્ટર-૧૧, ગાંધીનગર) ખાતે રાખવામાં આવેલો છે.

## કેમપ્લાસ્ટ સન્માર લિમિટેડનો આઈપીઓ ૧૦મીએ ખુલશે

**પ્રાઈસ બેન્ડ ઇક્વિટી શેરદીઠ રૂ. ૫૩૦ થી રૂ. ૫૪૧ નક્કી થઈ છે, જે દરેક શેરની ફેસ વેલ્યુ રૂ. ૫ છે**

ફાર્માસ્યુટિકલ, એગ્રો-કેમિકલ અને ફાઈન કેમિકલ્સ ક્ષેત્રો માટે પ્રારંભિક સામગ્રી અને વચગાળાના પદાર્થીઓનું કસ્ટમ ઉત્પાદન કરતી અને સ્પેશિયાલ્ટી પેસ્ટ પીવીસી રેસિન પર કેન્દ્ર ભારતમાં સ્પેશિયાલ્ટી કેમિકલ્સ ઉત્પાદન કેમપ્લાસ્ટ સન્માન લિમિટેડ ('સીએસએલ') કે 'કંપની')નો આઈપીઓ ('ઓફર') ૧૦ ઓગષ્ટ, ૨૦૨૧ને મંગળવારે ખુલશે.

ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૫૩૦ થી રૂ. ૫૪૧ નક્કી થઈ છે. બિડ લઘુત્તમ ૨૭ ઈક્વિટી શેર માટે અને પછી ૨૭ ઈક્વિટી શેર માટે થઈ શકશે.

ઓફરમાં કેમપ્લાસ્ટ સન્માર લિમિટેડના રૂ. ૩૮,૫૦૦ મિલિયનના ઈક્વિટી શેર (''ઈક્વિટી શેર્સ'')ની ઓફર (''ઓફર'') સામેલ છે, જે દરેકની ફેસ વેલ્યુ રૂ. ૫ છે. ઓફરમાં કંપનીના રૂ. ૧૩,૦૦૦ મિલિયનના ફ્રેશ ઈશ્યૂ (''ફ્રેસ ઈશ્યૂ'') અને સન્માન હોલ્ડિંગ્સ લિમિટેડ (''એસએચએલ'' અથવા ''પ્રમોટર વિક્રેતા શેરધારક'') દ્વારા રૂ. ૨૪,૬૩૪.૪૦ મિલિયન અને સન્માર એન્જિનીયરિંગ સર્વિસીસ લિમિટેડ (''એસઈએસએલ'' અથવા ''પ્રમોટર ગ્રુપ વિક્રેતા શેરધારક'') દ્વારા ૮૬૫.૬૦ મિલિયનના શેર સામેલ છે.

## સુવર્ણચંદ્રક

● અનુસંધાન પહેલાનું ચાલુ

બીજા થ્રોમાં તો નીરજે વધારે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. તેણે ૮૭.૫૮ મીટરનો થ્રો કરીને પોતાનું પ્રથમ સ્થાન જાળવી રાખ્યું હતું. જ્યારે જર્મન સ્ટાર વેટ્ટર બીજા પ્રયાસમાં ફાઉલ થયો હતો. તે મેદાન પર પડી ગયો હતો અને તેને પીડા પણ થઈ રહી હતી. બીજા રાઉન્ડના અંતે પણ નીરજ ટોચ પર રહ્યો હતો. વેબર બીજા અને ચેક રિપબ્લિકનો જાકુબ વેડલેચ ૮૩.૯૮ મીટર સાથે ત્રીજા ક્રમે રહ્યો હતો.

ત્રીજા પ્રયાસમાં નીરજ ૮૦ મીટરનો આંક પણ પાર કરી શક્યો ન હતો. ત્રીજા પ્રયાસમાં તેણે ૭૬.૭૯ મીટર થ્રો કર્યો હતો. જોકે, પોતાના શ્રેષ્ઠ ૮૭.૫૮ મીટરના થ્રો સાથે તેણે પ્રથમ સ્થાન જાળવી રાખ્યું હતું. જોકે, ચેક રિપબ્લિકનો વેસેલી વિટેઝસ્લાવ ત્રીજા પ્રયાસમાં ૮૫.૪૪ મીટરના થ્રો સાથે બીજા ક્રમે આવી ગયો હતો. નીરજનો ચોથો અને પાંચમો પ્રયાસ ફાઉલ રહ્યો હતો તેમ છતાં તે ટોચના સ્થાને રહ્યો હતો.

ભારતીય જૈવલિન થ્રોઅર (ભાલા ફેંક) નીરજ ચોપડા ટોક્યો ઓલમ્પિકના જૈવલિન થ્રોઅર (ભાલા ફેંક) માં ઈતિહાસ રચ્યો છે. તેમણે ટોક્યો ઓલમ્પિકમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. નીરજે ૮૭.૫૮ ની સર્વશ્રેષ્ઠ અંતર પાર કરતાં ગોલ્ડ મેડલ પર કબજો કરી લીધો છે. ક્વોલિફિકેશન રાઉન્ડમાં પણ નીરજ પોતાના ગ્રુપમાં ટોપ પર રહ્યો હતો. બેઈજિંગ ઓલમ્પિક બાદ આ ભારતનો પ્રથમ ગોલ્ડ મેડલ છે. નીરજ ચોપડાની જીત બાદ પીએમ મોદી ટ્વીટ કરી શુભેચ્છા પાઠવી હતી.

જૈવલિન થ્રોઅર (ભાલા ફેંક)ની ફાઈનલમાં નીરજ ચોપડા શરૂઆતથી જ આગળ રહ્યા હતા. તેમણે પ્રથમ પ્રયાસમાં ૮૭.૦૩ અને બીજા પ્રયાસમાં ૮૭.૫૮ અને ત્રીજા પ્રયાસમાં ૭૬.૭૯ મીટર અંતર પાર પાડ્યું હતું. આ સાથે જ તેમણે પોતાના ક્વોલિફિકેશન રેકોર્ડ કરતાં વધુ દૂર ભાલો ફેંક્યો હતો. જૈવલિન થ્રોમાં આ ભરતનો અત્યાર સુધીનો સૌથી પ્રથમ મેડલ છે. એટલું જ નહી એથલેટિક્સમાં પણ આ ભારતનો પ્રથમ મેડલ છે.

ઓલમ્પિક રમતોમાં આ ભારતનો ૧૩ વર્ષ બાદ પ્રથમ ગોલ્ડ મેડલ છે. નીરજ ચોપડા પહેલાં બીજિંગ ઓલમ્પિકમાં શૂટિંગમાં અભિનવ બિંદ્રાએ ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ ઓલમ્પિકમાં ભારતનો કુલ બીજો વ્યક્તિગત ગોલ્ડ મેડલ છે. આ પહેલાં ભારતે હોકીમાં ૮ ગોલ્ડ મેડલ જીત્યા છે.

નીરજ ચોપડા પાસે આખા દેશને આજે ગોલ્ડ મેડલની આશા હતી જેના પર તે ખરો ઉતર્યો છે. આમ એટલા માટે છે કારણ કે તેમણે ક્વોલિફિકેશન રાઉન્ડમાં ૮૬.૬૫ દૂર ભાલો ફેંકી પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. નીરજ ભારતને ટોક્યોમાં પ્રથમ ગોલ્ડ મેડલ જીતાડવાનો દાવેદાર હતો.

ટોક્યો ઓલમ્પિકમાં ભારત અત્યાર એક ગોલ્ડ, ૨ સિલ્વર અને ૪ કાંસ્ય સહિત કુલ ૭ મેડલ જીતી ચૂકી છે. ભારત તરફથી મીરાબાઈ ચાનૂ (વેઈટ લિફ્ટિંગ) અને રવિ દહિયા (કુશ્તી)એ સિલ્વર મેડલ જીત્યો છે. તો બીજી તરફ પીવી સિંધુ, બજરંગ પૂનિયા, લવલીના અને ભારતીય હોકી ટીમે ભારત માટે બ્રોન્જ જીત્યો છે

## ૧૭૪ પાસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટ્યુશનના વર્ગો પણ ઓનલાઈન ધમધમી રહ્યા છે. ત્યારે એસ ટી ની વિદ્યાર્થી પાસ યોજનામાં પણ નિરસતા જોવા મળી રહી છે. ગાંધીનગર એસ ટી ડેપોમાં વિદ્યાર્થી પાસ યોજના અન્વયે જુલાઈ મહીના દરમિયાન માત્ર ૧૭૪ વિદ્યાર્થીઓને પાસ ઈસ્યુ કરાયા છે.જયારે ૩૧ વિદ્યાર્થીનીઓને મફત પાસ સેવા યોજનાનો લાભ અપાયો છે. જયારે આની સામે રૂ ૨.૪૯ લાખનુ વળતર ચુકવાયુ છે. જયારે એસ ટી નિગમને રૂ ૧.૮૪ લાખની આવક થઈ છે. અલબત્ત આવક કરતા પાસ યોજના અન્વયે વળતર વધુ ચુકવવાનો વારો આવ્યો છે. કોરોના કાળમાં હજુ એસ ટી નિગમની મુસાફર પાસ યોજના સહીત વિદ્યાર્થી પાસ યોજનાના લાભાર્થીઓની સંખ્યામાં ઘટ જોવા મળી રહી છે. જેના લીધે એસ ટી ડેપોએ રેગ્યુલર આવકની ઘટ સાથે આ યોજનાઓ અન્વયે પણ તગડી આવક ગુમાવાનો વારો આવ્યો છે.